ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૩ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૩૫

**માતૃભાષા એ આત્માનું રક્ત છે, જેમાં વિચારો દોડે છે અને વિકાસ પામે છે..... ઓલિવર હોમ્સ**

# શહેરમાં નોટબંધીના આફટર શોક : મંદીનો માહોલ

ગાંધીનગર, તા.૨૦

ગત ડિસેમ્બર માસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અચાનક લાગુ કરાયેલ 'નોટબંધી'ના કારણે દેશભરમાં આર્થિક અફરા-તફરીનો માહોલ સર્જાયો હતો. આ માહોલના પગલે દેશભરમાં મંદીના ઓળા ઉતરવાની દહેશત સર્જાઈ હતી. જે ધીમે ધીમે હવે સાકાર થતી જણાય છે. ગાંધીનગરમાં પણ વિવિધ ક્ષેત્રના વેપારીઓમાં મંદીના માહોલની ફરિયાદો ઉઠતી જોવા મળી રહી છે.

નોટબંધીની ભયંકર આર્થિક અફરા તફરીમાંથી નાગરિકો માંડ બહાર આવ્યા છે. પરંતુ હજુ પણ નોટબંધીના આફટરશોકનો અનુભવ થઈ રહ્યો છે. શહેરના બજારોમાં નોટબંધીના કારણે ઘણા આર્થિક વ્યવહારો ખોરંભે ચઢેલા છે. અથવા તો રદ થયેલા છે. વળી, હજુ પણ નોટબંધીના નિયમોને કારણે રોકડની પ્રવાહિતા ઓછી હોવાથી બજારો શુષ્ક ભાસી રહ્યા છે. શહેરમાં વિવિધ ચીજવસ્તુઓ જેવી કે કરિયાણું, અનાજ, ઈલેકટ્રોનિકસ, ફર્નિચર, રાચરચીલું, કપડા, દવાઓ તથા મોજશોખની ચીજવસ્તુઓ તેમજ હોટેલ ઉદ્યોગમાં અગાઉ કરતા ખૂબ ઓછો વેપાર થઈ રહ્યો છે. વળી,

**રોજબરોજની ઉપયોગની ચીજવસ્તુઓમાં વેપાર ૩૦ થી ૪૦ ટકા ઘટયા : હજુ પણ અમુક ક્ષેત્રોમાં વધુ કડક નિયમોની સરકારની હલચલથી વેપાર-ધંધા પર વિપરિત અસરો**

રિઅલ એસ્ટેટ તથા ઓટોમોબાઈલ ક્ષેત્રે આફટર શોકની અસર વધુ ઘેરી જોવા મળી રહી છે.

ગાંધીનગર શહિત સમગ્ર દેશમાં રોકડેથી થતા વેપારનું ખુબ ચલણ હતું અને છે. ખાસ કરીને છુટક ચીજ વસ્તુઓના વોપારમાં રોકડનું ચલણ વધુ રહે છે. નોટબંધીના કારણે બજારમાં રોકડની પ્રવાહિતતા ઘટી હોવાથી આ વેપારીઓને ઘણી તકલીફ પડી રહી છે. વળી તેમની ઘરાકી પણ આશરે ૩૦ થી ૪૦ ટકા જેટલી ઘટી હોવાનો અહેસાસ થઈ રહ્યો છે. મોટા ભાગના જથ્થાબંધ વેપારીઓ દ્વારા પહેલા રોકડ સામે માલનો આગ્રહ રાખતા હતા તેઓ પણ હવે મંદીના ઓછાપાં જોઈ છુટક વેપારીને જોખમ ઉઠાવીને ઉધાર માલ આપવા લાગ્યાં છે. ખાસ કરીને રોજબરોજની વપરાશની ચીજવસ્તુઓ જેવી કે કરિયાણું, અનાજ, પ્રોવીઝનલ આઈટમો વગેરેમાં મંદીના એંધાણ સ્પષ્ટ વર્તાઈ રહ્યાં છે. રિઅલ અસ્ટેટમાં પણ અગાઉ રોકડથી થતો વ્યવહાર હવે બંધ થઈ જતા મંદીની ઘેરી અસર જોવા મળી રહી છે. શહેરના વેપારીઓ એકબીજા સાથે બજારો શુષ્ક હોવાની ચર્ચા કરતા નજરે ચઢી રહ્યા છે. વળી સરકાર દ્વારા હજુ અનેક ક્ષેત્રે વધુને વધુ કડક પગલાં લેવાની તથા નિયમો બહાર પાડવાની જાહેરાતો કરાય છે જેના કારણે પણ વેપાર ધંધા પર વિપરિત અસર પડી રહી છે.

## આઈ લવ માય ગાંધીનગર



**સંજય એમ નાયી**
એકાઉન્ટન્ટ

**ગાંધીનગર ગમે**

માતૃભૂમિ હોવા ઉપરાંત અન્ય શહેરો કરતાં શાંત શહેર હોવાથી અને હરિયાળી, મોકળાશ, લીલોતરી, બાગ-બગીચા હોવાથી ગાંધીનગર મને ખૂબ ગમે છે.

**નગરજનો**

અહીંનાં નગરજનો સારા અને પ્રામાણિક માણસો છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

બ્લડ ડોનેશનની પ્રવૃત્તિ ખૂબ ગમે છે. થેલેસેમિયા પીડિત બાળકોને જીવવા માટે એનાથી સહારો મળે છે.

રૉટરી ક્લબની પ્રવૃત્તિ મને ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

યુવાનોને રોજગારી માટે ઉદ્યોગોને પ્રોત્સાહન મળે તેવી પ્રયાસો સરકાર દ્વારા થાય તેવી અપેક્ષા છે. વાઈબ્રન્ટની અસર વાઈબ્રન્ટ થાય તો મજા આવે.

**નગર માટે હું કરી શકું**

શહેરને સ્વચ્છ રાખવા, નગરજનોની મદદ કરવા, અબોલ પશુ-પંખીની સાચવણી માટે કોઈપણ પ્રકારની સહાય આપવા માટે હું તૈયાર છું.

## પૂજ્ય પ્રાગદાસ બાપાની રામવાડી ખાતે ૫૮માં મહાશિવરાત્રી મહોત્સવનું આયોજન

પરમ પૂજ્ય પ્રાગદાસબાપા ગોદડીયાની રામવાડી જુનાગઢ ખાતે ૫૮મા મહાશિવરાત્રી મહોત્સવનું આયોજન તા.૨૨ થી ૨૪ ફેબ્રુઆરી દરમિયાન સમર્થ પૂ.પ્રાગદાસ બાપા ગોદડીયાની રામવાડી નં.-૧ ગિરનાર રોડ જુનાગઢ ખાતે કરવામાં આવ્યું છે. શિવરાત્રી પર્વ નિમિતે આયોજીત આ મહોત્સવમાં સહકુટુંબ, મિત્ર મંડળ સહિત પધારવા અને ભગવાન શિવજીના શિવાનંદને માણવા મેનેજીંગ ટ્રસ્ટી એન.પી.પટેલ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવે છે.

## ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિની બેઠક બુધવારે યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિની બેઠક બ્લોક નં-૩ ખાતે આગામી તા.૨૨ ફેબ્રુઆરીને બુધવારના રોજ બપોરે ૨ કલાકે યોજાશે.જેમાં પડતર પ્રશ્નો અંગે સરકાર દ્વારા હકારાત્મક અભિગમ નહીં અપનાવવામાં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેમ કર્મચારી સંકલન સમિતિના ઉપાધ્યક્ષ પ્રવિણ સોલંકીએ જણાવ્યું છે.

ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિના કર્મચારીઓના વર્ષોથી પડતર પ્રશ્નો છે.જેનો ઉકેલ આજદિન સુધી આવ્યો નથી. જેમાં કર્મચારીઓને રાહતદરે પ્લોટ ફાળવવા, રહેમરાહે નોકરી કોઈપણ આવક મર્યાદા સિવાય બાકી રહેલા તમામને પુરા પગારથી નોકરી આપવી, કોન્ટ્રાકટ સિસ્ટમ નાબુદ કરી પુરા પગારથી નોકરી પર રાખવા, ચોથા વર્ગ કર્મચારી- ડ્રાઈવરની ભરતી નિયમિત પ્રમાણે નિમણુંક કરવી, કેન્દ્રના ધોરણે પડતર પ્રશ્નો ઉકેલવા સહિતનો સમાવેશ થાય છે. આ પ્રશ્નો અંગે ટુંક સમયમાં ટુંક સમયમાં સરકાર દ્વારા નિરાકરણ નહીં આવે તો ઉગ્ર આંદોલન કર્મચારી સંકલન સમિતિ દ્વારા કરવામાં આવશે.

## ખોરાક અને ઔષધ નિયમન કચેરીઓને આઈએસઓ-૯૦૦૧-૨૦૧૫ અંતર્ગત ક્યુએમએસ પ્રમાણપત્ર એનાયત



ગુજરાત રાજયની ખોરાક અને ઔષધ વહીવટ કચેરી ગાંધીનગર અને તેની વિભાગીય કચેરીઓ જેમ કે રાજકોટ, અમદાવાદ (ગ્રામ્ય), વડોદરા, સુરતને ટેસ્ટીંગ ઈલેકટ્રીકલ સ્ટાન્ડર્ડ લેબોરેટરી એન્ડ આર એન્ડ ડી ઈન્સ્ટીટયુટ ગાંધીનગર સ્થિત કચેરીના મેનેજીંગ ડાયરેકટર એલ.એસ. શર્મા તથા તેમની ટીમ દ્વારા આઈએસઓ-૯૦૦૧-૨૦૧૫ (ક્યુએમએસ) હેઠળના ધારાધોરણ પ્રમાણે પ્રમાણીત કરવાની કામગીરી સંતોષકારક નિયમાનુસાર કરવામાં આવી હતી. જેના પરિણામે તા.૧૭ ફેબુઆરીના રોજ કમિશનર ડો.એચ.જી.કોશિયાની હાજરીમાં કમિશનર કચેરી ખાતે વિભાગીય કચેરીઓના આસીસ્ટન્ટ કમિશનર પણ હાજર રહ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કવોલીટી મીશનના પ્રોગામ હેઠળ ગુજરાત રાજય હંમેશા અગ્રેસર રહેવા પામેલ છે. આ સિધ્ધીથી ગુજરાતીઓને ગૌરવ લેવા જેવું છે. આનાથી સરકારીના અન્ય વિભાગોને પણ પ્રેરણા મળશે. વધુમાં કવોલીટી મીશનના વડાપ્રધાનના કાર્યક્રમને પણ બળ મળશે તેમ ખોરાક ઔષધ નિયમન કચેરી દ્વારા જણાવાયું છે.

## સિનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા રકતદાન શિબિર સંપન્ન



ગાંધીનગર, તા.૨૦

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા રકતદાન શિબિરનું આયોજન તા. ૧૨મી ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ વૈષ્ણવ હવેલી મંદિર સે-૨૧ખાતે કરવામાં આવેલ હતું.

શિબિરમાં કાઉન્સિલના સ્થાપના દિન નિમિત્તે સભ્યોના પરિવાર તેમજ અન્ય દાતાઓ દ્વારા રકતદાન કરવામાં આવ્યું હતું. ૧૯ રકતદાતાઓએ સામાજિક ફરજ અદા કરી હતી.

શિબિર દરમિયાન કાઉન્સિલના કન્વીનર રસિકભાઈ ગાંધી તથા સભ્યોએ ઉપસ્થિત રહી પુરતો સહકાર આપ્યો હતો. રેડક્રોસના પ્રતિનિધિએ શિબિર સફળ કરવામાં જહેમત લીધી હતી. સિવિલ હોસ્પિટલના ડૉ. જૈન તથા ડૉ. શર્માએ ઉમદા કામગીરી બજાવી હતી. હવેલી મંદિરના પદાધિકારીઓનો આભાર માનવામાં આવેલ હતો.

## 'સ્વતંત્ર વીર સાવરકર-વિવેકાનંદના વૈચારિક વારસદાર' વિષયે વ્યાખ્યાનનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના ભારતીય વિચાર મંચ દ્વારા તા. ૨૧મી ફેબ્રુઆરી મંગળવારે સાંજે ૭ થી ૮.૩૦ વાગ્યા દરમિયાન સે-૨૩માં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળના સભાગૃહ ખાતે 'સ્વતંત્ર વીર સાવરકર-વિવેકાનંદના વૈચારિક વારસદાર' વિષયે વ્યાખ્યાનનું આયોજન કરાયું છે. મંચ દ્વારા ચલાવાતા વૈચારિક મંથનની શ્રૃંખલાના મણકા સમાન આ વ્યાખ્યાન યુજીસીના નેશનલ રિસર્ચ પ્રોફેસર તથા જાણીતા લેખક-ચિંતક ડૉ. અશોક મોડક દ્વારા આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના પ્રમુખ ડૉ. અનિલ ચૌહાણ કાર્યક્રમના અધ્યક્ષપદે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં 'સ્વતંત્રવીર સાવરકર-વિવેકાનંદના વૈચારિક વારસદાર' પુસ્તકનું લોકાર્પણ પણ કરાશે.

## ગાંધીનગરમાં યોજાઈ રહેલ યોગ શિબિર લંબાવાઈ

ગાંધીનગર, તા.૨૦

આર્યસમાજ તેમજ પતંજલિ યોગ સમિતિ દ્વારા યોગ શિબિર જે હાલમાં ગાંધીનગર ખાતે શરૂ થઈ હતી તેને ખૂબ જ બહોળો પ્રતિસાદ મળતા તેનો સમય વધારો કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમ વધારીને ૨૧ ફેબ્રુઆરીથી ૨૫મી સુધી લંબાવાયો છે. જે તેના નિયત સ્થળ આર્ય સમાજ મંદિર, સે-૨૩-ગાંધીનગર રહેશે.

સવારે ૫.૪૫ થી ૭.૪૫ (ભાઈઓ તથા બહેનો માટે) તેમજ ખાસ વ્યવસ્થા ૪.૩૦ થી ૬.૦૦ કલાક (ફકત બહેનો માટે)નો રાબેતા મુજબનો રહેશે. શિબિરમાં ભાઈઓ, બહેનો અને બાળકોએ વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરાવવું. ૫ દિવસ સ્વાસ્થ્યવર્ધક ઉકાળા, કવાથ અને રસ પણ નિઃશુલ્ક મળશે.

શિબિરમાં યોગ આયુર્વેદ પ્રાકૃતિક ચિકિત્સા અને એકયુપ્રેશર દ્વારા રોગોનું ચોકકસ નિદાનનું માર્ગદર્શન મળશે.

ગેસ, એસીડીટી, કબજીયાત જેવા હઠીલા રોગ, ઘુંટણનો, કમરનો દુઃખાવો, સર્વાઈકલ, સાઈટિકા, સ્પોન્ડોલાઈટીસ, ડાયાબીટીસ, ગાયનેક પ્રોબ્લેમ, કિડની સ્ટોન, બ્લડપ્રેશર, થાઈરોઈડ, અનિંદ્રા, માઈગ્રેશન, વજન ઘટાડવું/વધારવું, માનસિક રોગ, પેરાલાઈસીસ અને અસાધ્ય રોગો માટે ઋષિ મુનિઓના જ્ઞાન દ્વારા ૧૦૦ ટકા મટાડી શકાય તેની માહિતી આપવામાં આવશે. રજીસ્ટ્રેશન માટે આર્યસમાજ મંદિર રસિકભાઈ મો. ૯૯૨૪૩૩૪૮૧૧નો સંપર્ક કરવા જણાવાયું છે.

## સે. ૩ના બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર ખાતે શિવરાત્રી નિમિત્તે બર્ફીલા અમરનાથ

ગાંધીનગર, તા. ૨૦

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, સૅક્ટર-૩, ગાંધીનગર દ્વારા શિવરાત્રી નિમિત્તે બર્ફીલા અમરનાથ, આત્મખોજ પ્રદર્શન તથા 'સમયની પુકાર' વિડીયો શોનું આયોજન કરવામાં આવ્યું છે.

સંસ્થાનાં સુનિતાદીદીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે આગામી શિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે ઉક્ત કાર્યક્રમોનું આયોજન રામેશ્વર મંદિર, સૅક્ટર-૩ ડી ખાતે સવારે ૭થી સાંજના ૭ કલાક સુધી કરવામાં આવ્યું છે.

ઝાંખીના ઉદ્ઘાટક તરીકે કેન્દ્રીય કૃષિ રાજયમંત્રી પુરુષોત્તમભાઈ રૂપાલા ઉપરાંત ભાજપ શહેર મંત્રી શંકરભાઈ ચૌધરી, ન્યુરોલૉજીસ્ટ ડૉ. ધર્મેશ પટેલ, તબીબ ડૉ. મહિપતસિંહ પરમાર, ડૉ. બ્રિજેશ પટેલ, ડૉ. સુરેન્દ્ર દ્વિવેદી, ડૉ. વિપુલભાઈ ઠક્કર, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર નિયામક જે જી પંડ્યા, ઍડિશનલ કલેક્ટર જે આર નાયક, નગરસેવક જયરાજસિંહ વાઘેલા, રાકેશભાઈ પટેલ, હિરલબેન જોષી, ઊર્મિલાબેન વર્મા અને પી ઍમ પરમાર ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમ બાદ રાજયોગ દ્વારા ખુશનુમા જીવન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં કોઈપણ જ્ઞાતિ, જાતિ, ધર્મના ભેદભાવ વિના દરેક વ્યક્તિ પોતાના જીવનને ખુશનુમા, આનંદમય અને ધન્ય બનાવી શકે છે.

આ શિબિર માટે પ્રવેશ વિનામૂલ્યે આપવામાં આવશે તેમ જણાવી તેમણે શિબિરનો લાભ લેવા સૌ ભાવકોને નિમંત્રણ પાઠવ્યું છે. શિબિરનો સમય તા. ૨૫, ૨૬, ૨૭ ફેબ્રુઆરીના રોજ સવારે ૮થી ૯, બપોરે ૪થી ૫ અને રાત્રે ૮થી ૯ દરમિયાનનો નિયત કરવામાં આવ્યો છે અને તે રામેશ્વર મંદિરના સભા ખંડમાં યોજવામાં આવશે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

## એકપાત્રીય અભિનયમાં ગાંધીનગરનો હેત ભટ્ટ પ્રથમ

ગુજરાત સરકારના યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ



દ્વારા આયોજિત બાળ પ્રતિભા શોધ સ્પર્ધા ૨૦૧૬-૧૭માં તા. ૧૯મી ફેબ્રુઆરીના રોજ યોજાયેલ એક પાત્રીય અભિનય સ્પર્ધાના 'બ' વિભાગમાં ગાંધીનગરના હેત ભટ્ટે પ્રથમ ક્રમાંક મેળવી શહેરનું નામ રોશન કર્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે હેત ભટ્ટ રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગ (પ્રોટોકોલ)ના ઉપસચિવ કલ્પેશ ભટ્ટના પુત્ર છે.

## આવતીકાલે પનઘટનો મહિલા શકિતનું સન્માન કરતો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના પનઘટ કલા કેન્દ્ર દ્વારા મહિલા શકિતનું સન્માન કરતા અભિનવ કાર્યક્રમ 'સૃષ્ટિરૂપેણ સંસ્થિતા'નું તા. ૨૨મી ફેબ્રુઆરી બુધવારે રાત્રે ૮ કલાકે ટાઉનહોલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં પનઘટની મહિલા કલાકારો નોખું નર્તન પ્રસ્તુત કરશે. આ પ્રસંગે પનઘટ સંસ્થાના ગૌરવ અને શહેરના ઘરેણા સમાન કલાકારોનું સન્માન અને અભિવાદન પણ કરાશે. કાર્યક્રમમાં સુપ્રસિધ્ધ ગાયિકા ગાર્ગી વોરા અને હિમાલી વ્યાસ નાયક ગાયન રજૂ કરશે.

આ પ્રસંગે પનઘટ સંસ્થાના અધ્યક્ષ ભાવિન પટેલે જણાવ્યું હતું કે 'મહિલા એટલે અસીમ સ્નેહ, અદભૂત સમર્પણ અને અમાપ શકિતનો અગાધ સ્ત્રોત'. આ કાર્યક્રમમાં મહિલાના દિકરીથી લઈને દૈવી સ્વરૂપના યશોગાનને અનોખા સ્વર-નર્તન દ્વારા પ્રસ્તુત કરાશે. ગાંધીનગરમાં પ્રથમવાર રજુ થઈ રહેલા આ કાર્યક્રમનું સંચાલન જાણીતા ઉદઘોષિતા ડૉ. માર્ગી હાથી કરશે. આ પ્રસંગે રાજયના મુખ્ય માહિતી કમિશનર વી.એસ. ગઢવી, કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહા, ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના અધ્યક્ષ જોરાવરસિંહ જાદવ, કલા ગુર્જરી અને શિવરંજની ઉપપ્રમુખ જયરાજસિંહ સરવૈયા તથા આવિષ્કાર અમદાવાદના કલ્પેશ દલાલ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે ગાંધીનગરના ગૌરવ અંગે પનઘટ સંસ્થા વિશેષ ઉમેરણ પ્રસ્તુત કરશે.

## રાંધેજા ખાતે ક્ષય તથા રકતપિત્ત જાગૃતિ કાર્યક્રમો યોજાયા

**જિલ્લા ક્ષય કેન્દ્ર તથા ગાંધીનગર રકતપિત્ત સોસાયટી દ્વારા જે.એસ. વિદ્યામંદિર ખાતે ટીબી અને લેપ્રેસી અંગે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો**

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા આજે રાંધેજા ખાતેની બંને જે.એસ. પટેલ વિદ્યામંદિર ખાતે ટીબી તથા લેપ્રેસી અંગે જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના ધો-૧૧ના વિદ્યાર્થીઓ માટે કવીઝ સ્પર્ધા યોજવામાં આવી હતી.

ક્ષય રોગ એક મહારોગ છે. જેને નાથવા સમયસરની સારવાર અત્યંત જરૂરી છે. આ રોગ અંગે જાગૃતિ કેળવવા તથા તેના નિદાન-સારવાર અંગે પ્રવર્તી રહેલ ગેરસમજોને દૂર કરી યોગ્ય સમજણ કેળવવાના હેતુથી જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા રાંધેજાની બે શાળાઓમાં માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા ક્ષય કેન્દ્રના





ડીપીપીએમસી કેયુર જયસ્વાલ તથા એસટીએસ આનંદ પટેલ ઉપરાંત રાંધેજા આરોગ્ય કેન્દ્રના કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા અને ક્ષય રોગ અંગે માહિતી પ્રદાન કરી હતી. આ ઉપરાંત ગાંધીનગર રકતપિત્ત સોસાયટીના લેપ્રેસી સુપરવાઈઝર દિનેશભાઈ પટેલ દ્વારા રકતપિત્તના રોગ અંગે માહિતી પ્રદાન કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તેમણે ધો-૧૧ના બાળકોની કવીઝ ટેસ્ટ લીધી હતી. આ ટેસ્ટમાં વિજેતા ત્રણ વિદ્યાર્થીઓને ઈનામો દ્વારા નવાજવામાં આવ્યા છે. આ ટેસ્ટમાં પ્રથમ ક્રમે વિજેતા વિદ્યાર્થી પ્રાચી કમલેશભાઈ ખત્રીને રૂ. ૧૫૦, દ્વિતિય ક્રમે વિજેતા વિદ્યાર્થી તન્વી સુરેશભાઈ પ્રજાપતિને રૂ. ૧૦૦ તથા તૃતીય ક્રમે વિજેતા વિદ્યાર્થી અજય પંકજભાઈ ઠાકોરને રૂ.૫૦નું રોકડ ઈનામ એનાયત કરાયું હતું. રકતપિત્ત માર્ગદર્શન કાર્યક્રમમાં વિદ્યાર્થીને રકતપિત્ત નિર્મૂલન યોજના હેઠળ કવીઝ રમાડતા પહેલા રકતપિત્ત અંગે માહિતી, સારવાર,ચિહ્નોની સમજ પુરી પાડવામાં આવી હતી. ક્ષય જાગૃતિ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ બાળકોએ હાજરી આપી હતી.

## @ગાંધીનગર

● ગાંધીનગર સરકારી વિનયન કોલેજનો વાર્ષિકોત્સવ 'થનગનાટ' કાર્યક્રમ બપોરે ૨ થી ૭ કલાક દરમિયાન સે-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે.

● સે-૩-એ ચેહર માતાના મંદિરના પટાંગણમાં બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન શિવકથા યોજાશે.

● સે-૩-ડી સાંઈબાબા મંદિર પાસે આવેલ રામજી મંદિર ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન શ્રીમદ ભાગવત કથા યોજાશે.

● શ્રી માતાજીના ૧૪૦માં જન્મદિવસ અંતર્ગત સે-૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે સવારે ૯.૦૦ કલાકે ધ્યાન, પ્રાર્થના, વાંચન ઉપરાંત સાંજે ૬.૪૫ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

● પેથાપુર માં અંબા-દરજી વૈશાલીબેન મંડળ દ્વારા શ્રીમતી પન્નાબેન ભરતભાઈ પટેલના નિવાસસ્થાને બપોરે ૨.૩૦થી ૫.૦૦ કલાક દરમિયાન સે-૨૮, જીઆઈડીસી, કલ્પતરૂ પાવરની સામે બહુચર ભોજનાલય ગાંધીનગર ખાતે આનંદનો ગરબો યોજાશે.

● વંદેમાતરમ પરિવાર દ્વારા આનંદનો ગરબો ભાનુબેન એન. પટેલ પ્લોટ નં. ૫૪૪/૧, કોલવડાનગર સોસાયટી, સે-૨૮ ખાતે બપોરે ૩.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લામાં તમાકુ વિરોધી અભિયાન વધુ સઘન બનાવવા તજવીજ હાથ ધરવામાં આવનાર છે. આ બાબતે વ્યુહરચના ઘડી કાઢવા તા.૨૨મીએ સંબંધિત અધિકારીઓની ખાસ બેઠક બોલાવવામાં આવી છે.

● કુડાસણના તલાટી રામદાન ગઢવીની દિકરીના લગ્ન પ્રસંગે ચારણ સાહિત્યકારોની ઉપસ્થિતિ જોવા મળી હતી. આ લગ્ન પ્રસંગમાં ચારણી સાહિત્યના લગ્નગીતો ગૂંજી ઉઠયા હતા.

● વિશ્વકર્મા સમાજના અગ્રણી સ્વ. પી.એ. ગજ્જરનું સોમવારે સે-૧માં વિશ્વકર્મા મંદિરના હોલ ખાતે બેસણું યોજાયું હતું. આ બેસણામાં આવનાર દરેક સ્નેહીજનને પૂ. ડોંગરેજી કથિત ભાગવત કથાની પુસ્તિકા ભેટ અર્પણ કરાઈ હતી.

● મંગળવારે દેશભરમાં વિશ્વ માતૃભાષા દિવસ ઉજવાશે. આ અંતર્ગત ભારત સરકાર દ્વારા અગાઉ જાહેર કરાયેલ યાદી મુજબ ગુજરાતમાં ૪૯ ભાષાઓ બોલવામાં આવે છે જેનું વિસ્તાર સાથેનું લીસ્ટ સોશ્યલ મિડિયા પર વાઈરલ થયું છે.

● ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં થયેલ રાયડા તથા વરિયાળીના પાકના કારણે 'મચ્છી' તરીકે ઓળખાતી જિવાતનો ઉપદ્રવ હાલમાં વધી જવા પામ્યો છે. આ મચ્છીના ઉપદ્રવને કારણે ખાસ કરીને ટુ-વ્હીલરવાહન ચાલકોને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

## ચિરવિદાય

● સ્વ. અમરસિંહજી બાબુજી રાઠોડ, ઉ.વ. ૬૭